## ઓક્ટોબર - ૨૦૧૫

આર્ય સંસ્કૃતિના સનાતન ધર્મનાં ભવ્ય વારસાને પુનઃજીવીત કરી તેનું સાચુ સ્વરૂપ સમાજની (સેજપાલ પરિવારોની) સામે લાવી આર્ય સંસ્કૃતિ (સૂર્યવંશ, રઘુવંશી, ધાર્મિક સિધ્ધાંતો, ધારણાઓ, વિચારધારા પરંપરા) સિદ્ધાંતો અને આધ્યાત્મિક વિચારધારાથી આવનારી પેઢીને માહિતગાર બનાવી મજબુત સમાજનું નિર્માણ (સેજપાલ પરિવારોનું) કરવું છે. આર્ય શબ્દનાં અર્થને આપણે આપણા જીવનમાં આલેખવો છે એ આર્ય શબ્દને આ રીતે વર્ણવી શકાય. ''જગતનાં બધા જ ધર્મો એક જ સનાતન સત્યને (આપણા સનાતન વૈદિક આર્યધર્મનાં સિધ્ધાંતને) રજુ કરતી જુદી જુદી ભાષાઓ છે. સત્ય એ છે કે આપણે સૌ શક્તિનાં એક જ પુંજમાંથી પડેલા સ્પંદનો છીએ જે ભેગા મળીને પુંજ સ્વરૂપ બની જવા માંગે છે. પરંતુ આ કાર્યમાં જો કોઈ અડચણ હોય તો તે છે ''હું'' પણનું અભિમાન'' જે આપણને કહે છે કે હું હું છુ, અને તું તું છે. આપણે અલગ છીએ આ અભિમાન જ એક ભ્રમ છે અને આજ પાયાની શરૂઆત છે. જેના ઉપરથી ઊઠી જવુ એજ આર્યધર્મનો એકમાત્ર સિધ્ધાંત છે.

ઝડપથી પરિવર્તન પામતા આજનાં ૨૧ની સદીનાં યુગમાં ભૌતિક વાદને જીવનનું સુખ માનવાની ઘેલછાએ આપણા સનાતન વૈદિક આર્ય (હિન્દુ) ધર્મને ખુબજ મોટુ નુકશાન પહોંચાડ્યુ છે. પોતાને બુધ્ધીજીવી, આધુનિક દેખાડવાની માનસિકતા અને સમાજનાં સુધારાવાદી બનવાની હોડને કારણે આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસો, પરંપરા અને સમાજ ઘડતર ઉપર કુઠારાઘાત કર્યો છે. પરિણામે આજે સંયુક્ત કુટુંબો તુટતા જાય છે. માણસ એકલવાયો બનતા આપત્તિકાળ સહનકરવાની માનસિક શક્તિ તુટતા, સહકાર ન મળતા જીવન સમાપ્ત કરવા સુધીની હદ ઓળંગતો થયો છે. ભૌતિક વાદને કારણે માણસ ધીમે ધીમે મશીનમાં પરિવર્તીત થતો જાય છે. આજે લાગણી, આદર, કુળ ગૌરવ, ભાઈચારાની ભાવના, સહકાર, સંગઠનની જગ્યાએ સ્વાર્થવૃત્તિ, એકબીજાને નુકશાન પહોંચાડવાની વૃત્તિ, અહમ વધતા જાય છે. આ વિકાસ નથી પણ વિનાશ છે.

અમરેલી ખાતે કુળદેવી માતાજી તથા સુરાપુરા બાપાના મંદિર નિર્માણ કાર્ય શરૂ કરતા પહેલા અમોએ ટ્રસ્ટની સ્થાપના કરી જુદા જુદા શહેરો, જીલ્લાઓમાં સેજપાલ પરિવારો સાથે, વડીલો, માતાઓ, યુવાનો, બહેનો સાથે મિટીંગો કરી ધાર્મિક માન્યતાઓ, પરંપરા, રીવાજો, કુળ, ગોત્ર જેવી માહિતી મેળવવા પ્રયાસો કર્યા. અમોએ અમારા ૨૫ વર્ષોનાં રીસર્ચ અને પ્રમાણો સાથે (મેળવેલી) માહિતી સરખાવતા એક વાત સિદ્ધ થઈ કે લગભગ ૮૫ થી ૯૦ ટકા પરિવારોને સાચી માહિતી સમજણ નથી.કોઈ દ્વારા કહેવાયેલી કે કોઈકને અનુસરવાની વૃત્તિના કારણે તથા પોતાના સાંસ્કૃતિક વારસાને જાણવાની કે સમજવાની કોશિષ જ નથી કરી અથવા તો આવા વિચાર કે પ્રયાસોને સમય નો વેડફાટ (વ્યય) માનવાની માનસિકતાને લીધે આજે સામાજીક વિનાશનાં કિનારે આવીને ઊભા છીએ. અમો આ સમસ્યાના ઉકેલ માટે ઘણા મનોમંથન પછી એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યા કે બધી જ સમસ્યાનો રામબાણ ઈલાજ છે. પરિવારોની એકતા, સમાજને (સેજપાલ પરિવારોને) એકતાનાં તાંતણે ફક્ત ધર્મ અને ધર્મપ્રત્યેની શ્રધ્ધા, નિષ્ઠા જ બાંધી શકે. બંધન બે પ્રકારના હોય છે, એક લદાયેલું બંધન, અને એક સ્વીકારાયેલા બંધન. લદાયેલા બંધનનો ભાર લાગે અને સ્વીકારેલા બંધન જ જીંદગીને જીવવા જેવી બનાવે. ધર્મ, સમાજ, કુળ, પરંપરાને સાચી સમજણ થકી સ્વીકારેલું બંધન જીવન સાર્થક કરે જે બંધન મનથી આત્માના અવાજથી દિલથી સ્વીકારાયેલુ હોય.

કોઈપણ હેતુ, સ્વાર્થ કે પ્રયોજન વિના સમજણમાંથી પ્રગટી હોય તેવી શ્રધ્ધા એ સાચી શ્રધ્ધા છે. આવી શ્રધ્ધાએ ક્યાં તો આંતર અનુભુતિને પરિણામે પ્રગટેલી હોય, ક્યારેક આત્માનાં અવાજને અનુસરવાને કારણે જાગેલી હોય તો ક્યારેક ગહન અભ્યાસ કરતા હોઈ ગ્રંથ કે વિભુતિ પર જાગેલો દ્રઢ ભાવ હોય. આજના સમયમાં આવી શ્રધ્ધા અત્યંત દુર્લભ એ માટે લાગે છે કે આજનો માનવી શ્રધ્ધાનાં આસને બેસી આરાધના કરવાને બદલે પ્રયોજનને લક્ષમાં રાખીને શ્રધ્ધાને ફેરવે છે. ભીતરમાં શ્રધ્ધા જાગે, મહેચ્છા જાગે, મહત્વકાંક્ષા જાગે અને પછી તેને સિધ્ધ કરવાના સાધનરૂપે પોતાની શ્રધ્ધા કોઈને કોઈ ઈશ્વરમાં કે પંથમાં ટેકવતો હોય છે. સમયે થોડુ પરિવર્તન જીવનમાં આવે કે તુરત જ એ વ્યક્તિની શ્રધ્ધા જ નહી જીવનની સઘળી આસ્થાઓમાં પાયા હચમચી ઊઠે છે. આથી શ્રધ્ધા એ સ્વાનુભુતિ કે સ્વાધ્યાય આધારિત હોવી જોઈએ. ભૌતિકતાનાં મહિમાને કારણે પ્રકાશ અને શાંતિ આપનારી આધ્યાત્મિકતા, માર્ગદર્શન આપનાર ધર્મ કે ગૌરવ અપાવનાર કુળ પરંપરા અને સંસ્કારોમાં રસ નહી પડે પણ કૃત્રિમ કે આડંબરી વ્યક્તિ પંથ કે બની બેઠેલા દેવની સહાય લેવા દોડી જશે. પરંતુ શ્રધ્ધાની કસોટી કરે એવો એકાદ વ્રજઘાત આવે કે તત્કાળ તે વ્યક્તિ તે પંથ ધર્મ તરફથી પીઠ ફેરવી લેશે. શ્રધ્ધા નો તંતુ આરાધ્ય (દેવ, દેવી, ઈશ્વર જેને માનતા હોઈએ) સાથે જોડાયેલો હોય તેવી શુભ ઘટના સર્જાય કેવી રીતે? શ્રધ્ધાનાં સુર સંભળાય કઈ રીતે ? જીવનનું આરાધ્ય સ્થાન (કુળ દેવી કે દેવતાઓનું સ્થાન) ઓળખીને તેના પર સમર્પણ થાય કેવી રીતે આ મહત્વનાં સવાલોનો ઉત્તર એટલો જ છે કે તમારી ભીતરમાં વસતા પરમાત્માનાં અવાજને સાંભળો. કવિની આ પંક્તિમાં આવી જ ભાવના વ્યક્ત કરવામાં આવી છે. "ઉચ્છવાસે નિશ્વાસે મારી એક જ રટણ હો તું મુજમાં તુજ ધામ રચી જાએ શુભ ઘટના હો."

આવી જ એક શુભ ઘટનાનાં ફળ સ્વરૂપે અમરેલી ખાતે સેજપાલ પરિવારનાં કુળદેવી માતાજી ભવાનીમા ચામુંડામા તથા સુરાપુરા બાપાના ભવ્ય શીખરબંધ મંદિર (મઢ) નું નિર્માણ થયું. જે પોતાના અસ્તિત્વ (જ્ઞાતિ ગૌરવ)ને પુનઃજાગૃત કરવાનું કેન્દ્ર બની પ્રેરણારૂપ બને તે માટેનો સંયુક્ત સહિયારા પ્રયાસો કરી સફળ થઈએ તેવો પરિશ્રમ કરીએ છીએ. આધ્યાત્મ, ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર, કલાનું કેન્દ્ર ગણાતા ભારતમાં ૧૪ વિદ્યાઓ અને સ્ત્રીઓ માટે ૬૪ કલાઓ, પુરૂષો માટે ૭૨ કલાઓ હતી. જેના થકી વ્યક્તિનું, જ્ઞાતિનું સમાજનું ઘડતર થતુ અને દેશ અજેય અને સમૃધ્ધ બનતો, વિકાસ એવો હતો કે ભારતને સોનાની ચિડીયા કહેતા હતા.

" રાગ, પાગને પારખુ , નાડીને વળી ન્યાય

તરવુ, તંતરવુ ને તસ્કરવુ એ આઠેય આપકલાપ "

પ્રાચીન ગ્રંથોમાં ઉપર જણાવેલી આઠેય કલાને આપકળા કહેવાય. આપ કળા એટલે કે કોઠાસુઝ કે કોઠાવિદ્યા કહેવાય. આ કોઠા સુઝથી ઘણી મુશ્કેલીઓમાંથી માર્ગ મળી શકતો. સમાજમાં પરંપરાગત રીતે, જ્ઞાતિ, જાતિનાં રીતીરિવાજો, પહેરવેશ, રીતભાત, સંસ્કારથી માણસની કુળની જ્ઞાતિની ઓળખ થતી.

" વરણ વાણીયો, વેપારી કે વસવાયાની જાત

ક્ષત્રિય, ચારણ બ્રાહ્મણ સાધુ પાઘડીયે પરખાતી "

આવી ભવ્ય સમાજ રચના અને પૂર્વાચિન વૈદિક સનાતન ધર્મનાં હાર્દને ભૂલીને આપણે ઈર્ષા, વેરઝેર, એકબીજાને નુકસાન પહોંચાડવાની વૃત્તિને લીધે નબળા પડ્યા. આવનારી પેઢી માટે અંધકારમય ભવિષ્યનાં ભણકારા વાગવા લાગ્યા છે. લોહાણા સમાજ (સેજપાલ પરિવારોને) કલ્પી ન શકાય તેવા થયેલા નુકસાનને

અમોએ નજીકથી અનુભવ્યું છે. અમારો આત્મા કકળી ઊઠ્યો છે અને એટલે જ અમોએ અમારા ૨૫ વર્ષનાં રિસર્ચ પુરાવાના આધાર અને શ્રધ્ધાના પરિણામે થયેલા મંદિર સંકુલને ધાર્મિક આસ્થા તથા સાંસ્કૃતિક ધરોહર, કુળ પરંપરાનાં કેન્દ્ર તરીકે વિકસાવવાનાં પ્રયાસો કરી રહ્યા છીએ. અમારૂ માનવુ છે કે સાચી આધ્યાત્મિકતા, શ્રધ્ધા, પરંપરા, કુળ ગૌરવ, રીતીરિવાજ અને ભવ્ય ઈતિહાસના ગર્વને જીવનમાં સમજીએ, અપનાવીએ અને સમય સાથે કદમ મિલાવી ૨૧મી સદીના વિજ્ઞાનનો ઉપયોગ કરી શકીએ તો મજબુત સમાજ અને દ્રઢ મનોબળવાળી સશક્ત આવનારી પેઢીનું નિર્માણ થઈ શકે અને સાચા અર્થમાં સધ્ધર વિકાસ થઈ શકે, અમો મંદિર સંકુલમાં આપણા સેજપાલ (પાલ-વંશ) વંશના ઇતિહાસના ગૌરવને કુળદેવી, દેવતા, ગોત્ર પરંપરાની સાચી, સચોટ માહિતી દર્શાવીશુ. અમો એક પુસ્તક પ્રકાશીત કરવા જઈ રહ્યા છીએ જેમાં આ બધી જ માહીતીની વૈજ્ઞાનિક, બૌદ્ધિક ચોખવટ, ચર્ચા કરી સમજાવવાનો પ્રયાસ કરીશુ. ખોટી અંધશ્રધ્ધા નહી પણ સાચી સમજણ, સાથે આપણી સંસ્કૃતિ આજના વિજ્ઞાનનાં યુગમાં પણ સત્ય સાબિત થઈ છે તે પુરાવા સાથે રજુ કરીશુ. જે પુસ્તકથી આપને આપના પરિવારનાં જીવનમાં ખુબજ ઉપયોગી સિધ્ધ થાય, મુંઝવણમાં માર્ગદર્શન મળે, આપત્તિકાળમાં સાંત્વના આપે, હિંમત વધે તથા કપરા કાળનો સામનો કરવાની શક્તિ મળે.

અમારૂ ધ્યેય, સપનું સમગ્ર સેજપાલ પરીવારોને એક કરીને સશક્ત સેજપાલ સમાજ નિર્માણ કરવાનું છે. આવનારી પેઢીને મજબુત બનાવવાનું છે. જો આપ, આપનો પરિવાર સેજપાલ તરીકે ગર્વ અનુભવવા માંગતા હો અને અમારા વિચારો સાથે સહમત હો તો અમોએ ખુલ્લી આંખોએ જોયેલા સપનાને સાકાર કરવામાં સહકાર આપવા ઈચ્છતા હો તો જરૂરથી ટ્રસ્ટનો સંપર્ક કરશો.

“ બઢ જાતા હૈ જબ ચરણ, સ્વંય પથ બન જાતા હૈ ।
ચલ પડતી હૈ જબ નાવ, કિનારા મિલ જાતા હૈ ॥
આ જાતા હૈ હોશ - જોશ વિજય ભી મીલ જાતા હૈ
પુન્ય ઔર પુરુષાર્થ કે સમન્વય સે મનોરથ ફલ જાતા હૈ ”

આપના સમજી, વિચારીને દ્રઢ નિશ્ચથી કરેલા સહકારની અપેક્ષા.

ટ્રસ્ટ સરનામુ
૭-બી નટવર શ્યામ સોસાયટી, ઓર્ચિડ પાર્ક સામે,
શેલ્બી હોસ્પિટલ પાછળ, સેટેલાઈટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫.
ફોન નં. ૦૭૯ --- ૨૬૯૩૭૮૮૩
મો. ૯૮૨૫૦૧૬૧૯૬

મંદિર સરનામુ
કુળદેવી તથા સુરાપુરા બાપા મંદિર,
પ્લોટ નં. ૨૫ ૨૬, અમીધારા પાર્ક - ૧,
સેન્ટમેરી સ્કુલ પાસે,
રીલાયન્સ પેટ્રોલ પંપ પાછળ,
વરસડા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧.

લી. સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટ
પંકજ સેજપાલ, રસેષ સેજપાલ,
ભાવેશ સેજપાલ તથા ટ્રસ્ટીઓ